સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થી(વિદ્યાર્થી અને વિદ્યાર્થિની બંને) તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થિનીને NEET, JEE, GUJCETની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/એનબી-૩૪૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૨/૧૧/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૧/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૬) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૪/૦૩/૨૦૨૨નો પત્રક્રમાંકઃવિજાક/શિક્ષણ/૨૦૨૧-૨૨/૪૦૬૯, તા.૨૭/૦૬/૨૦૨૨નો પત્રક્રમાંકઃવિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૩૮૮ અને તા.૨૭/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૧૨૫૮

આમુખઃ-

ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCET, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય આપવાની યોજના હાલ અમલમાં છે, જે માટે અનુસરાતા વંચાણે લીધેલા ઉક્ત ઠરાવોની જોગવાઇની વિગતો નીચે મુજબ છે:

| ક્રમ | ઠરાવ ક્રમાંક અને તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા | પ્રસ્તુત ઠરાવથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા ૭૦% થી વધુ ગુણ મેળવેલ હોય તેવા તમામ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા ૮૦% થી વધુ ગુણ અને વાર્ષિક |

| | | |
|---|---|---|
| | ક્રમાંકનો ઠરાવ | આવક રૂ.૪.૫૦ લાખથી ઓછી હોય તેવી આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCET, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/-ની મર્યાદામાં રીઝલ્ટબેઝ ક્રાઇટેરીયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી સંસ્થા ઇમ્પેનલ કરી નક્કી થયેલ સંસ્થાઓને સહાય ચૂકવવાની યોજના અમલમાં આવેલ. |
| ૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી ઉક્ત યોજના હેઠળ ધોરણ-૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા હોય અને ધોરણ-૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને લાભ આપવાનું ઠરાવેલ. |
| ૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૨/૦૧/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથી ઉક્ત યોજનાની જોગવાઇઓમાં નીચે મુજબના સુધારા કરવામાં આવેલ:<br>(૧) આ યોજના હેઠળ સહાય ડીબીટી મારફતે સીધી જ વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે.<br>(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની માફક ૭૦ ટકાથી વધારે ગુણ મેળવેલ હોય તેવી અને વાર્ષિક આવક રૂ.૪.૫ લાખથી ઓછી હોય તેવી આર્થિક રીતે પછાત વર્ગના કુટુંબની દિકરીઓને પણ પ્રવેશ આપી શકાશે.<br>(૩) ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી સંસ્થામાં વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવાનો રહેશે તથા કોચીંગ સહાય સીધી જ ડીબીટી મારફતે વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. |
| ૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૩/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથીઉક્ત યોજના હેઠળ રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા નિયત કરી તાલીમી સંસ્થાઓની પસંદગી કરી તાલીમી સંસ્થા એમ્પેનલ કરવાનું ઠરાવેલ. |
| ૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ | પ્રસ્તુત ઠરાવથીઉક્ત યોજના અંતર્ગત તાલીમી સંસ્થાઓની પસંદગી માટે રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા ઉપરાંત નીચે મુજબના ધારા ધોરણો ધ્યાને લેવાનું ઠરાવેલ:<br>૧) સંસ્થા ત્રણ વર્ષ કરતાં વધારે અનુભવ ધરાવતી હોવી જોઇએ. |

| | | |
|---|---|---|
| | | ૨) સંસ્થા GST નંબર ધરાવતી હોવી જોઇએ.<br>૩) સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે બાયોમેટ્રીક (ફીંગર પ્રિંટ) મશીન હોવું જોઇએ તેમજ સંસ્થાએ સમગ્ર કોર્ષ દરમ્યાનની હાજરીની વિગતો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીને મોકલવાની રહેશે.<br>૪) સંસ્થા અન્ય સરકારી ધારા ધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.<br>૫) આ યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે સદરહુ યોજનાના લાભાર્થીઓને આધાર નંબર સાથે લીંક કરવાના રહેશે. |

વંચાણે લીધા ક્રમાંક (૬) પરના પત્રોથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત યોજના માટેના અગાઉના ઠરાવોનું સંકલન તથા તેમાં જરૂરી સુધારા-વધારા કરવા માટે દરખાસ્ત કરેલ, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થી(વિદ્યાર્થી અને વિદ્યાર્થિની બંને) તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થિનીને NEET, JEE, GUJCETની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય આપવાની યોજના માટે વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૫) પરના ઠરાવોના સ્થાને નીચે મુજબનો સંકલિત ઠરાવ અમલમાં લાવવાનું આથી ઠરાવવામાં આવે છે:

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થી(વિદ્યાર્થી અને વિદ્યાર્થિની બંને) તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થિનીને NEET, JEE, GUJCETપરીક્ષામાંથી કોઇ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછું હોય તે વિદ્યાર્થીના બેંક ખાતામાં DBT મારફતે ચૂકવવામાં આવશે.

- તાલીમાર્થીઓને નીચે મુજબના ધારાધોરણના આધારે કોચિંગ સહાય મળવાપાત્ર રહેશે:

(૧) મૂળ ગુજરાતના વતની હોય તેવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થી(વિદ્યાર્થી અને વિદ્યાર્થિની બંને) તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થિનીને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૨) તાલીમાર્થીએ ધોરણ-૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઇએ.

(૩) તાલીમાર્થી વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી હોવો જોઇએ.

(૪) તાલીમાર્થીના કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂ.૪.૫૦ લાખ કે તેથી ઓછી હોવી જોઇએ.

(૫) તાલીમાર્થીએ સંસ્થા પાસેથી તાલીમની હાજરીનું પ્રમાણપત્ર મેળવી રજૂ કરવાનું રહેશે.

(૬) તાલીમાર્થીને આ યોજનાનો લાભ ધોરણ-૧૨માં એક જ વાર મળવાપાત્ર થશે.

(૭) તાલીમાર્થી તાલીમ દરમિયાન અન્ય સ્થળે નોકરી કરી શકશે નહીં. જો તેમ સાબિત થશે તો, પૂરી રકમ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વસૂલ કરવાની રહેશે.

(૮) સંસ્થાના ત્રણ વર્ષના અનુભવ અંગેનું ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે.

- <u>તાલીમાર્થીએ નીચે મુજબના ધારાધોરણ ધરાવતી સંસ્થા કોચિંગ માટે પસંદ કરવાની રહેશે:</u>

(૧) તાલીમાર્થીએ પસંદ કરેલ સંસ્થા GST/PAN નંબર ધરાવતી હોવી જોઇએ.

(૨) તાલીમ આપતી સંસ્થા મુંબઇ જાહેર ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦, કંપની અધિનિયમ, ૧૯૫૬, શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, ૧૯૪૮ (દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ, ૧૯૪૮) વગેરે જેવા કોઇપણ અધિનિયમ હેઠળ નોંધણી થયેલ હોવી જોઇએ.

(૩) સંસ્થા ઓછામાં ઓછું ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી હોવી જોઇએ.

(૪) સંસ્થા અન્ય સરકારી ધારાધોરણોનું પાલન કરતી હોવી જોઇએ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૯/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. જે. ખરાડી)
**નાયબ સચિવ**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રીના અંગત મદદનીશ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર.

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૨) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.

(૧૩) સિલેકટ ફાઇલ